(67) ભારતમાં સૌપ્રથમ x માં y માં એઇડ્સનો ચેપ જોવા મળ્યો.

(A) x = 1986, y = ગુજરાત (B) x = 1986, y = મહારાષ્ટ્ર

(C) x = 1986, y = તમિલનાડુ (D) x = 1984, y = તમિલનાડુ

(68) HIV કયા સમૂહનો વાઇરસ છે ?

(A) રીટ્રોવાઇરસ (B) રીહ્નોવાઇરસ (C) રીટ્રોવાઇરસ (D) આપેલ તમામ

(69) મેક્રોફેઝમાં વાઇરસનું RNA જનીનિદ્રવ્ય કયા ઉત્સેચકની મદદથી વાઇરલ DNA માં સ્વયંજનન પામે છે ?

(A) રિવર્સ ટ્રાન્સક્રિપ્ટેઝ (B) RNA ટ્રાન્સક્રિપ્ટેઝ (C) DNA ટ્રાન્સક્રિપ્ટેઝ (D) એક વખત પણ નહિ.

(70) એઇડ્સનો ફેલાવો કેવી રીતે થાય છે ?

(A) રોગયુક્ત અંગ પ્રત્યરોપણથી

(B) HIV યુક્ત રુધિરધાન દ્વારા

(C) એઇડ્સના રોગી સાથે વિજાતીય કે સજાતીય સમાગમ દ્વારા

(D) આપેલ તમામ

(71) પૂર્ણ કક્ષાનો એઇડ્સનાં લક્ષણો કયાં છે ?

(A) ઝાડા થાય. (B) શરદી, ખાંસી, ન્યુમોનિયા વગેરે રોગો થાય.

(C) લસિકાગ્રંથિમાં સોજો આવે. (D) આપેલ તમામ

જવાબો : **(66-B), (67-C), (68-A), (69-A), (70-D), (71-D)**

- **કૅન્સર**
  - કૅન્સર ખૂબ જ ભયંકર રોગ છે. તેનાથી વિશ્વમાં મોટે ભાગે મૃત્યુ પામે છે. ભારતમાં મિલિયનથી પણ વધારે લોકો કૅન્સરથી પીડાય છે.
  - આપણા શરીરમાં કોષીય વૃદ્ધિઓ અને વિભેદીકરણની પ્રક્રિય નિયમિત અને નિયંત્રિત રીતે થાય છે. કૅન્સરકોષોમાં આ નિયંત્રણની પ્રક્રિયા તૂટી જાય છે અને કોષવિભાજનની ક્રિયા નિરંકુશ થાય છે. તેથી કૅન્સરકોષમાં સતત કોષવિભાજન થાય છે. પરિણામે કોષોનો જથ્થો સર્જાય છે. તેને ગાંઠ કહે છે.
  - કૅન્સરગ્રસ્ત કોષોની શરીરમાં પ્રસરવાની ક્રિયાને રોગવ્યાપ્તિ કહે છે.
  - કૅન્સર ફેલાવતા કારકોને કૅન્સરજન કહે છે.
  - કૅન્સર પેદા કરતા વાઇરસને ઓન્કોજેનિક વાઇરસ કહેવાય છે. તેમના જનીનને વાયરલ ઓન્કોજિન કહે છે.
  - કૅન્સરના મુખ્ય ત્રણ પ્રકારો છે :

    (1) **કાર્સિનોમા :** શરીરમાં અધિચ્છદીય પેશીના કોષોની અસામાન્ય વૃદ્ધિથી થતા કૅન્સરને કાર્સિનોમા કહે છે.
    - સ્તનનું કૅન્સર, ફેફસાંનું કૅન્સર, સ્વાદુપિંડ અને જઠરનું કૅન્સર અને ત્વચામાં થતો મેલોનોમા કૅન્સર પણ આ પ્રકારનું છે.

    (2) **સારકોમા :** શરીરમાં મધ્યગર્ભસ્તરમાંથી ઉત્પન્ન થયેલી પેશીઓમાં અસાધ્ય વૃદ્ધિ થાય ત્યારે થતા કૅન્સરને સારકોમા પ્રકારનું કૅન્સર કહે છે.
    - હાડકાંના, કાસ્થિનાં, સ્નાયુઓના અને લસિકાગ્રંથિના કૅન્સર આ પ્રકારના છે.

    (3) **લ્યુકેમિયા :** રુધિરનું કૅન્સર છે. જે લોહીમાંના શ્વેતકણોમાં જોવા મળે છે. તેનો ઉદ્ભવ અસ્થિમજ્જામાં થાય છે.
    - આ પ્રકારના કૅન્સરમાં શ્વેતકણોની સંખ્યા ઘણી વધી જાય છે. તેમજ અપરિપક્વ શ્વેતકણોની સંખ્યા ઘણી મોટી જોવા મળે છે.

- **કૅન્સરની નિદાનની પદ્ધતિઓ**

  (1) દાક્તરી તપાસ (2) પેશી વિદ્યાકીય કસોટી (3) વિકિરણ પદ્ધતિઓ (4) લેબોરેટરી કસોટીઓ

  - ગર્ભાશય કે ગર્ભાશયના મુખના કૅન્સર માટે તે ભાગમાંથી કોષો લઈને તપાસ કરવામાં આવે છે, તેને પેપસ્મિયર કહે છે.
  - કેટલાક નિશ્ચિત કૅન્સરના પરિક્ષણ માટે કૅન્સર સ્પેસિફિક એન્ટિજન સામે એન્ટિબોડી પણ વપરાય છે.
  - કૅન્સરની સારવાર શસ્ત્રક્રિયા, વિકિરણ સારવાર અને પ્રતિકારકતા સારવાર સામાન્ય રીતે કૅન્સરની સારવારમાં વપરાય છે.
  - કેટલીક એન્ટિકૅન્સર ડ્રગ્સ પણ કૅન્સરગ્રસ્ત કોષોના નાશ માટે વપરાય છે.
  - પ્રતિકારકતા પણ ગાંઠનો નાશ કરવામાં ઉપયોગી છે. ઉદાહરણ : ઈન્ટરફેરોન

---

(72) કૅન્સર ફેલાવતા કારકોને શું કહે છે ?

(A) કૅન્સરજન (B) રોગવ્યાપ્તિ (C) એન્ટિજન (D) વિભેદન

(73) x = કિરણો, ગામા-કિરણો તેમજ UV કિરણો DNA ને ઈજા કરી શેમાં રૂપાંતરણ કરે છે.

(A) ઓન્કોજિન (B) ઓન્કોજેનિક વાઈરસ (C) નીયો પ્લાસ્ટિક (D) લિપોપ્લાસ્ટિક

(74) કાર્સિનોમા કૅન્સરને અનુલક્ષીને અસંગત કયું છે ?

(A) જઠરનું કૅન્સર (B) ત્વચાનું કૅન્સર (C) લસિકાગ્રંથિનું કૅન્સર (D) સ્તનનું કૅન્સર

(75) શરીરમાં _x_ માંથી ઉત્પન્ન થતી પેશીઓમાં અસાધ્ય વૃદ્ધિ થાય ત્યારે થતાં કૅન્સરને _y_ કહે છે ?

(A) x = મધ્યગર્ભ સ્તર, y = લ્યુકેમિયા (B) x =મધ્યગર્ભ સ્તર, y = સારકોમા

(C) x = બાહ્યગર્ભ સ્તર, y = કાર્સિનોમા (D) x = અંતઃ ગર્ભસ્તર, y = સારકોમા

(76) x રુધિરનું કૅન્સર જે લોહીમાંના _y_ માં જોવા મળે છે.

(A) x = લ્યુકેમિયા, y = રક્તકણ (B) x =લ્યુકેમિયા, y = રુધિરરસ

(C) x = લ્યુકેમિયા, y = શ્વેતકણો (D) x = સારકોમા, y = શ્વેતકણો

(77) અસંગત જોડ ઓળખો.

(A) હાડકાંના કૅન્સર (B) સ્નાયુઓના કૅન્સર (C) કાસ્થિનાં કૅન્સર (D) સ્વાદુપિંડનું કૅન્સર

(**નોંધ :** A, B અને C સારકોમા પ્રકારના છે. જ્યારે D એ કાર્સિનોમા પ્રકારનું છે.)

(78) અસંગત જોડ ઓળખોઃ

(A) સ્તનનું કૅન્સર (B) ફેફસાંનું કૅન્સર (C) લસિકાગ્રંથિનું કૅન્સર (D) જઠરનું કૅન્સર

(**નોંધ :** A, B અને D કાર્સિનોમા પ્રકારના છે. જ્યારે C એ સારકોમા પ્રકારનું કૅન્સર છે.)

(79) કૅન્સરની નિદાનની પદ્ધતિઓ કઈ છે ?

(A) દાક્તરી તપાસ પદ્ધતિ (B) પેશીવિદ્યાકીય કસોટી (C) વિકિરણ પદ્ધતિઓ (D) આપેલ તમામ

(80) ગર્ભાશય કે ગર્ભાશયના મુખના કૅન્સર માટે તે ભાગમાંથી કોષો લઈને તપાસ કરવામાં આવે છે તેને .................. કહે છે.

(A) પેપસ્મીયર (B) પેશીસંવર્ધન (C) પેશી પ્રત્યારોપણ (D) અંગ-પ્રત્યારોપણ

(81) કૅન્સરની કઈ પદ્ધતિમાં તીવ્ર ચુંબકીયક્ષેત્ર અને બિનઆયોનીક કિરણો નિદાનમાં વપરાય છે ?

(A) CT સ્કેન (B) PET (C) MRI (D) UV - કિરણો

(82) કૅન્સરની ગાંઠના કોષોનો નાશ કરવા શેનો ઉપયોગ થાય છે ?

(A) એન્ટિકૅન્સર ડ્રગ્સ (B) ઈન્ટરફેરોન (C) પેપસ્મિયર (D) A અને B બંને

(83) શરીરમાં અધિચ્છદીય પેશીના કોષોની અસામાન્ય વૃદ્ધિ થઈ કોનું કેન્સર થાય છે ?

(A) હાડકાંનું (B) સ્વાદુપિંડ (C) સ્નાયુનું (D) લસિકાગ્રંથિનું

(84) કૅન્સર પેદા કરતા વાઈરસ ......... કહે છે.

(A) ઓન્કોજેનિક વાઈરસ (B) રિટ્રો વાઈરસ (C) HIV (D) એક પણ નહિ.

(85) બિનચેપી કોષોને વાઈરસના ચેપની સામે રક્ષણ આપે.

(A) PMNL (B) માસ્ટકોષો (C) T કોષો (D) ઈન્ટરફેરોન

(86) કમ્પ્યૂટેડ ટોમોગ્રાફીમાં (CT સ્કેન) કયાં કિરણોનો ઉપયોગ કરાય છે ?

(A) Y - કિરણો (B) UV - કિરણો (C) $\alpha$ - કિરણો (D) X - કિરણો

જવાબો : **(72-A), (73-C), (74-C), (75-B), (76-C), (77-D), (78-C), (79-D), (80-A), (81-C), (82-D), (83-B), (84-A), (85-D), (86-A)**

**નશાકારક પદાર્થો અને આલ્કોહોલની ટેવ**

- કેફી પદાર્થ અને દારૂનું સેવન યુવાનોમાં વધુ જોવા મળે છે.
- સામાન્ય રીતે અફીણ, ચરસ, કોકેન, હેરોઇન, મારીજુઆના જેવા કેફી પદાર્થો ફૂલોવાળી વનસ્પતિ અને ફૂગમાંથી મળી આવે છે.
- અફીણ એ ઔષધ છે, જે મધ્યસ્થ ચેતાતંત્ર અને જઠર આંત્રીયનલિકામાં હાજર રહેલા વિશિષ્ટ સંવેદના ગ્રાહકો સાથે બંધાય છે.
- અફીણ એ સૂકું દુગ્ધ (ક્ષીર) છે, જે અફીણના અપરિપક્વ ફળ ડોડામાં ચીરો પાડી મેળવાય છે.
- અફીણમાંથી મોરફીન અને કોડીન દર્દશામક ઔષધ મેળવાય છે.
- મોરફીન એ ખૂબ જાણીતું પીડાનાશક ઔષધ છે, જે મુખ્યત્વે નાના મગજના ચેતાકોષો પર કાર્ય કરી પીડાને અવરોધી શરીરને પીડાથી મુક્ત કરે છે. તે એક ઉત્તેજક તરીકે કાર્ય કરે છે.
- ઓપીયમ ઉલ્લાસની અનુભૂતિને પ્રેરે છે. ચિંતા, ભય, તનાવ વગેરે દૂર કરે છે અને તે વ્યસનની ખરાબ આદત છે.
- કોડીનએ અફીણમાંથી મળી આવતું બીજું આલ્કલૉઇડ છે, તે પીડાહારક દવા છે. કફસીરપમાં વપરાય છે. કારણ કે તે કફની પ્રક્રિયાને શાંત પાડી દે છે. જઠર અને આંતરડામાં આવતી તાણને રોકવામાં વપરાય છે.
- હેરોઇન (સ્મેક, બ્રાઉનસુગર) અથવા ડાઈએસીટાઇલ મોરફીન છે, જે પીડાહારક અને આનંદપ્રમોદ સંબંધિત ઔષધ છે.
- સ્મેક (બ્રાઉનસુગર) એ હેરોઈની અશુદ્ધ ઉપપેદાશો છે.
- કેનાબિનોઇડ એ રસાયણનો સમૂહ જે મગજમાં સંવેદના ગ્રાહક સાથે પરસ્પર જોડાય છે.
- ભાંગ, ગાંજા અને ચરસ ત્રણ ઔષધો કેનાબિસ ઈન્ડિકાનાં સૂકાં પર્ણો અને ફૂલમાંથી મળે છે.
- મેરિજયુએના કેનાબિસ સેટાઈવામાંથી મળે છે. તે વનસ્પતિના ટોચનાં સૂકાં ફૂલોમાંથી મળી આવે છે. તેમનો મુખ્ય સક્રિય તત્ત્વ એ ડેલ્ટા -9 - ટેટ્રાહાઇડ્રોકેનાબિનોલ છે.
- આ ઔષધ લેવાથી આંખની કીકી પહોળી થાય, મૂત્રનું નિર્માણ વધુ થાય અને રુધિરમાં શર્કરાનું પ્રમાણ વધે છે.
- કોકેન અથવા કોક અથવા ક્રેક વનસ્પતિનાં સૂકાં પર્ણો અને ડાળીઓમાંથી મળે છે. તે મધ્યસ્થ ચેતાતંત્રને માટે ઉત્તેજક છે. તે ભૂખને અવરોધે છે, અનિદ્રા, માયાજાળ કે ભ્રમ પેદા કરે છે, જે આગળ જતાં માનસિક કાર્યોને નુકસાન કરે છે. વ્યક્તિમાં પાગલપણું જોવા મળે છે.
- કોકેનનો દુરુપયોગ કરવાથી માથાનો સખત દુઃખાવો, શારીરિક તાણ કે આંચકી આવવી અથવા હૃદય બંધ થવાથી કે શ્વસનતંત્ર નિષ્ફળ જતા મૃત્યુ થાય છે.
- એટ્રોપા બેલાડોના અને ધતૂરો ભ્રમ પેદા કરતા ગુણધર્મો ધરાવે છે.

- રમતવીરો પણ કેનાબિનોઇડનો ઉપયોગ કરતા થયા છે.
- હસીસએ સાંદ્રરેસીન છે, જે કેનાબિસ વનસ્પતિના માદા ફૂલમાંથી મેળવાય છે.
- LSD એ લાયસર્જીક ઍસિડમાંથી ઉત્પાદન થાય છે, જે રાયમાં થતી ફૂગ ઇર્ગોટમાંથી મળી આવે છે.
- એમ્ફિટેમાઇન્સએ ઉત્સાહવર્ધક ગોળી છે. મોટા ભાગે રાત્રે જાગરણ કરવા વ્યક્તિઓ તેનો ઉપયોગ કરે છે.
- બારબીટ્યુરેટ શાંતિ બક્ષનાર સંશ્લેષિત ઔષધ છે જે ઊંઘવાની ગોળીઓ તરીકે સામાન્ય રીતે ઓળખાય છે.
- તમાકુમાં નિકોટીન, આલ્કોલૉઇડ જેવા ઘણાં રસાયણો આવેલાં છે. જે નિકોટીન એડ્રિનલગ્રંથિને ઉત્તેજે છે, જેના લીધે એડ્રિનાલીન અને નોરએડ્રિનાલીન મુક્ત થઈ રુધિરમાં ભળે છે, જે રુધિરના દબાણ અને હૃદયના સ્પંદનમાં વધારો કરે છે.
- ધુમ્રપાન કરવાથી ઝડપથી ફેફસાંનું, મૂત્રાશય, ગળાનું, શ્વાસનળીનો સોજો અને જઠરીય ચાંદાના કૅન્સર થાય છે.
- કોરોનરી હૃદયનો રોગ અને શ્વાસને અવરોધતો રોગ પર અસર થાય છે.

---

(87) પીડાનાશક તરીકે ખૂબ જ જાણીતું ઔષધ કયું છે ?

(A) મેરીજુઆના (B) મોરફીન (C) નિકોટીન (D) LSD

(88) કયો ઘટક ચિંતા, ભય, તનાવ દૂર કરે અને ઉલ્લાસની અનુભૂતિ પ્રેરે છે ?

(A) ઑપિયમ (B) કોડીન (C) મોરફીન (D) કોક

(89) કફશીરપમાં વપરાતું ઔષધ કયું છે ?

(A) મોરફીન (B) LSD (C) કોડીન (D) મારીજુઆના

(90) __x__ એ હેરોઇનની અશુદ્ધ ઉપપેદાશો છે ?

(A) x = મોરફીન (B) x = કોડીન (C) x = ઑપિયમ (D) x = સ્મેક

(91) __x__ એ રસાયણનો સમૂહ, જે __y__ માં સંવેદના ગ્રાહકો સાથે પરસ્પર જોડાય છે ?

(A) x = હેરોઇન, y = મગજ (B) x = કેનાબિનોઇડ, y = શરીર

(C) x = કેનાબિનોઇડ, y = મગજ (D) x = મોરફીન, y = શરીર

(92) ભાંગ, ગાંજા અને ચરસ ઔષધો x માંથી અને મેરિજ્યુએના y માંથી મળી છે.

(A) x = કેનાબિસ ઇન્ડિકા, y = કેનાબિસ સેટાઇવા (B) x = કેનાબિસ ઇન્ડિકા, y = એરિર્થોઝાયલમ કોકા

(C) x = કેનાબિસ સેટાઇવા, y = કેનાબિસ ઇન્ડિકા (D) x = એરિર્થોઝાયલમ કોકા, y = કેનાબિસ ઇન્ડિકા

(93) ભાંગ, ગાંજા, ચરસ અને મેરિજ્યુએના અનુક્રમે વનસ્પતિના કયા ભાગમાંથી મળે છે ?

(A) વનસ્પતિના ટોચનાં સૂકાં ફૂલો અને સૂકાં પર્ણો અને ફૂલોમાંથી મળે છે.

(B) વનસ્પતિનાં સૂકાં પર્ણો અને ફૂલ અને ટોચનાં લીલા પર્ણોમાંથી મળે છે.

(C) વનસ્પતિનાં સૂકાં પર્ણો, ફૂલમાંથી અને ટોચનાં સૂકાં ફૂલોમાંથી મળે છે.

(D) વનસ્પતિનાં સૂકાં પર્ણો, ડાળીઓમાંથી અને ટોચનાં સૂકાં ફૂલોમાંથી મળે છે.

(94) મેરિજ્યુએના ઔષધનો ઉપયોગથી થતી અસરો માટે સાચો વિકલ્પ પસંદ કરો.

(i) આંખની કીકી પહોળી થાય. (ii) શ્વસનતંત્ર નિષ્ફળ જાય.

(iii) મૂત્રનું નિર્માણ વધુ થાય. (iv) ભૂખને અવરોધે છે.

(v) રુધિરમાં શર્કરાનું પ્રમાણ વધે છે.

(A) i, ii અને v સાચાં અને iii, iv ખોટાં વિધાન છે.

(B) i, iii અને v સાચાં અને ii, iv ખોટાં વિધાન છે.

(C) i, ii, iii સાચાં અને iv, v ખોટાં વિધાન છે.

(D) i, v સાચાં અને ii, iii અને iv ખોટાં વિધાન છે.

(95) ભૂખને અવરોધતું અને મધ્યસ્થ ચેતાતંત્રને ઉત્તેજીત કરતું આલ્કોલોઇડ કયું છે ?

(A) કોકેન (B) કોક (C) ક્રેક (D) આપેલ તમામ

(96) __x__ આલ્કોલૉઇડ જે દક્ષિણ અમેરિકાના __y__ વનસ્પતિનાં સૂકાં પર્ણો અને ડાળીઓમાંથી મળે છે.

(A) x = મેરિજ્યુએના, y = કેનાબિસ સેટાઇવા

(B) x = મેરિજ્યુએના, y = કેનાબિસ ઇન્ડિકા

(C) x = કોકેન અથવા કોક અથવા ક્રેક, y = એરિર્થ્રોઝાયલમ કોકા

(D) x = હેરોઇન, y = એરિર્થ્રોઝાયલમ કોકા

(97) ઊંઘવાની ગોળી તરીકે ઔષધ કયું છે ?

(A) એન્ફિટેમાઇન્સ (B) બાર્બિચ્યુરેટ (C) મેરીજુએના (D) કેનાબિનોઇડ

(98) રાત્રે જાગરણ માટે ઉપયોગમાં લેવાની ઉત્સાહવર્ધક ગોળી કઈ છે ?

(A) એન્ફિટેમાઇન્સ (B) કેનાબિનોઇડ (C) બાર્બિચ્યુરેટ (D) કોક

(99) વધારેપડતું ધ્રૂમપાન કરવાથી રુધિરમાં શેનું પ્રમાણ વધે છે ?

(A) $O_2$ (B) CO (C) $CO_2$ (D) $H_2O$

(100) નિકોટિન શરીરમાં x ગ્રંથિને ઉત્તેજે છે, જેથી y અંતઃસ્ત્રાવો રુધિરમાં ભળે છે.

(A) x = સ્વાદુપિંડ, y = ઇન્સ્યુલિન

(B) x = સ્વાદુપિંડ, y = ગ્લુકેગોન

(C) x = એડ્રિનલ, y = એપીનેફ્રિન અને નોર એપીનેફ્રિન

(D) x = એડ્રિનલ, y = ઇન્સ્યુલિન અને ગ્લુકેગોન

(101) ધૂમ્રપાન કરવાથી રુધિરમાં...

(A) $CO_2$ નું પ્રમાણ વધે અને Hb માં $O_2$ ઘટે છે. (B) $CO_2$ નું પ્રમાણ ઘટે અને Hb માં $O_2$ વધે છે.

(C) $CO_2$ નું પ્રમાણ વધે અને Hb માં $O_2$ વધે છે. (D) $CO_2$ નું પ્રમાણ ઘટે અને Hb માં $O_2$ વધે છે.

જવાબો : **(87-B), (88-A), (89-C), (90-D), (91-C), (92-A), (93-C), (94-B), (95-D), (96-C), (97-B), (98-A), (99-B), (100-C), (101-A)**

**તરુણાવસ્થા અને ટેવો, બંધાણી અને પરાધીનતા અને નશાકારક પદાર્થોની અસર, અટકાવ અને નિયંત્રણ**

- વ્યક્તિની ઉંમરના 12 થી 18 વર્ષ વચ્ચેના સમયને તરુણાવસ્થા કહે છે.
- તરુણાવસ્થા એ બાળપણ અને પુખ્તાવસ્થાને જોડનાર સેતુ છે.
- તરુણો કૂતૂહલતા અને પ્રયોગથી પ્રેરાઈને પ્રથમ વખત દારૂ અને કેફી પદાર્થનું સેવન કરે છે.
- કેટલાક તરુણો ભણતરમાં અને પરીક્ષામાં ઉત્કૃષ્ટતા ન બતાવી શકતા તનાવ અને દબાણ હેઠળ કેફી પદાર્થ અને દારૂ પીવાનું શરૂ કરે છે.
- સમાચારપત્રો, ચલચિત્રો, ઇન્ટરનેટ અને દૂરદર્શન દ્વારા પ્રચાર અને પૂરતી સમજ આપીને આદતો દૂર કરવામાં મહત્ત્વનો ભાગ ભજવી શકે છે.
- જ્યારે કેફી પદાર્થ કે દારૂ વધારે માત્રામાં લેવામાં આવે, તો આને બંધાણીની પરાધિનતા પણ કહી શકાય છે.
- પરાધિનતાને લીધે શરીરનું અમુક દિશામાં માનસિક વલણ સ્પષ્ટ થાય છે.
- જો નિયમિત કેફી પદાર્થ કે દારૂનો એકાએક ત્યાગ કરવાને લીધે વિશિષ્ટ અપ્રિય વિડ્રોઅલ સિન્ડ્રોમ થાય છે, જેથી તેની દાક્તરી સારવાર જરૂરી બને છે.
- વધુપડતા કેફી પદાર્થના સેવનથી હૃદયના સ્પંદન બંધ થઈ જાય છે અને શ્વસનતંત્રની નિષ્ફળતાથી મૃત્યુ થાય

છે. કેફી પદાર્થ સાથે દારૂનું વધુપડતું સેવન થવાથી મૃત્યુ થાય છે.

- બંધાણી જો કેફી પદાર્થને શિરાઓમાં (લોહીમાં) ઇન્જેક્શન દ્વારા લે તો સોય અને પિચકારીને લીધે એઇડ્સ અને ઝેરી કમળો થવાની શક્યતા જોવા મળે છે.
- દારૂ અને કેફી પદાર્થના દીર્ઘકાલીન સેવનથી સિરોસિસ જેવા યકૃતના ગંભીર રોગ થતાં ચેતાતંત્રને નુકસાન થાય છે.
- સગર્ભાવસ્થા દરમિયાન કેફી પદાર્થ અને દારૂના સેવનથી ગર્ભને પણ અસર થાય છે.
- રમતવીરો માદક, પીડાહારક સ્ટીરોઇડ અને કેટલાક અંતઃસ્રાવોનો ઉપયોગ કરી માંસલ શક્તિનું પ્રમાણ વધારવા ગેરઉપયોગ કરે છે.
- સ્ત્રીઓમાં સ્ટીરોઇડના ઉપયોગથી નીચે મુજબની આડઅસરો જોવા મળે છે. જેમાં નરજાતિનાં લક્ષણો, આક્રમકતામાં વધારો, ખિન્નતા, માસિક ચક્રમાં અનિયમિતતા, ચહેરા અને શરીર પર વધારાના વાળ ઊગવા વગેરે છે.
- જ્યારે પુરુષમાં ખીલ વધવા, આક્રમકતામાં વધારો, ખિન્નતા, શુક્રપિંડના કદમાં ઘટાડો થતા શુક્રકોષ ઉત્પાદનમાં ઘટાડો, યકૃતની કાર્યક્ષમતામાં ઘટાડો, ટાલ પડવી વગેરે આડઅસરો જોવા મળે છે.
- જ્યારે તરુણાવસ્થાથી છોકરા અને છોકરીમાં ચહેરા પર વધુ ખીલ અને વૃદ્ધિનાં કેન્દ્રો બંધ થતાં વિકાસ અટકે છે.
- યુવાનીમાં સિગારેટ, દારૂ અને કેફી પદાર્થના સેવનની આદતો જોવા મળે છે. આથી પરિસ્થિતિને પારખીને કેફી પદાર્થો અને દારૂનું સેવન કરતા તરુણાવસ્થાવાળાને સમયસર દૂર રાખવા એ જ સાચો ઉપાય છે.
- શિક્ષકો અને વાલીઓએ આ સ્થિતિમાં ખૂબ જ કાળજીપૂર્વક જવાબદારી નિભાવવી જોઈએ.
- છોકરા કે છોકરીને તેની પસંદગી અને વ્યક્તિતત્વ મુજબ આદરપૂર્વક વિકાસ કરવા દેવા જોઈએ. છોકરા-છોકરી તેમની ઇચ્છાની વિરુદ્ધ અઘટિત પાલન કરવા કોઈ સીમા બાંધવી જોઈએ નહિ અને તેમને ભણવું, ખેલકૂદ અને બીજી પ્રવૃત્તિમાં પ્રવૃત્ત કરવા.
- માતા-પિતાએ સંતાનોને તરત જ મદદરૂપ થાય તેમ યોગ્ય માર્ગદર્શન આપવું જોઈએ. આવી મદદ તેમણે ગાઢ અને વિશ્વાસુ મિત્ર પાસેથી મેળવવી જોઈએ.

---

(102) વ્યક્તિની ઉંમરનાં 12 થી 18 વર્ષ વચ્ચેના સમયગાળાને શું કહે છે ?

(A) તરુણાવસ્થા (B) બાલ્યાવસ્થા (C) કિશોરાવસ્થા (D) યુવાવસ્થા

(103) તરુણાવસ્થાએ __x__ અને __y__ ને જોડનાર સેતુ છે.

(A) x = તરુણાવસ્થા, y = યુવાવસ્થા (B) x = તરુણાવસ્થા, y = બાળપણ

(C) x = કિશોરાવસ્થા, y = બાળપણ (D) x = યુવાવસ્થા, y = બાળપણ

(104) તરુણોમાં કેફી પદાર્થ અને દારૂની આદતો માટે કયાં કારણો જવાબદાર છે ?

(A) કુટુંબની રચનામાં અસ્થિરતા (B) આર્થિક સ્થિતિને લીધે ભરણપોષણ ન થવું.

(C) કુટુંબનાં દબાણો (D) આપેલ તમામ

(105) વિડ્રોઅલ સિન્ડ્રોમનાં લક્ષણો કયાં છે ?

(A) બેચેની (B) ઉબકા

(C) પરસેવો અને ચક્કર આવવા. (D) આપેલ તમામ

(106) દારૂ અને કેફી પદાર્થના દીર્ઘકાલીન સેવનથી સિરોસિસ જેવા યકૃતના ગંભીર રોગ થતા કયા તંત્રને નુકસાન થાય છે ?

(A) શ્વસનતંત્ર (B) પાચનતંત્ર (C) ચેતાતંત્ર (D) પ્રજનનતંત્ર

(107) સ્ત્રીઓમાં સ્ટીરોઇડના ઉપયોગથી કઈ આડઅસરો જોવા મળે છે ?

(A) આક્રમકતામાં વધારો (B) ખિન્નતા

(C) માસિક ચક્રમાં અનિયમિતતા (D) આપેલ તમામ

(108) પુરુષોમાં સ્ટીરોઇડના ઉપયોગથી કઈ આડઅસરો જોવા મળે છે ?

(A) ખીલ વધવા
(B) શુક્રકોષ ઉત્પાદનમાં ઘટાડો
(C) યકૃતની કાર્યદક્ષતામાં ઘટાડો
(D) આપેલ તમામ

| જવાબો : **(102-A), (103-B), (104-D), (105-D), (106-C), (107-D), (108-D)** |
|---|

- **True - Flase (T - F) પ્રકારના પ્રશ્નો**

નીચેનાં વાક્યોમાં ખરાં-ખોટાંનો કયો વિકલ્પ સાચો છે તે પસંદ કરોઃ

(109) નીચે પૈકી ટાઇફોઇડ રોગ માટે સાચાં (T) અને ખોટાં (F) વિધાન પસંદ કરો.

(1) ટાઇફોઇડ સામાન્ય વાઇરસજન્ય રોગ છે.

(2) ટાઇફોઇડ સાલ્મોનેલા ટાઇફી દ્વારા થાય છે.

(3) ટાઇફોઇડ દર્દીઓના મળથી પ્રદૂષિત થયેલા પાણી અને ખોરાક દ્વારા આ રોગ ફેલાય છે.

(4) ટાઇફોઇડ રોગ મળ પરથી, ખોરાક, દૂધ અને પાણીમાંથી ઘરમાં માખી દ્વારા વહન કરે છે.

(A) T, F, T, T (B) T, T, F, F (C) F, T, T, T (D) T, T, T, F

(110) નીચે પૈકી ટાઇફોઇડ રોગ માટે સાચાં (T) અને ખોટાં (F) વિધાન પસંદ કરોઃ

(1) ટાઇફોઇડ રોગ માટે બૅક્ટેરિયા મનુષ્યના આંત્રમાર્ગમાં જોવા મળે છે.

(2) ટાઇફોઇડ રોગના બૅક્ટેરિયાનો સેવનકાળનો સમયગાળો 1- 3 અઠવાડિયાનો છે.

(3) ટાઇફોઇડ રોગમાં યકૃત અને બરોળ મોટાં થાય છે.

(4) ટાઇફોઇડ રોગનું નિદાન વેસ્ટર્ન બ્લોટ (Westen blot) ટેસ્ટ દ્વારા થાય છે.

(A) T, T, F, F (B) T, T, T, F (C) F, F, T, T (D) F, F, F, T

(111) નીચે પૈકી ન્યુમોનિયા રોગ માટે સાચાં (T) અને ખોટાં (F) વિધાન પસંદ કરોઃ

(1) ન્યુમોનિયાએ શ્વસનમાર્ગની ગંભીર બીમારી છે.

(2) સ્ટ્રેપ્ટોકોક્સ ન્યુમોનીએઇ સામાન્ય રીતે ન્યુમોકોક્સ કહેવાય છે.

(3) ન્યુમોનિયા બૅક્ટેરિયાનો સેવનકાળ 1- 3 અઠવાડિયાનો છે.

(4) ન્યુમોનિયા રોગમાં હોઠ અને આંગળીના નખ ભૂખરાથી વાદળી રંગમાં ફેરવાય છે.

(A) T, T, T, T (B) T, T, F, F (C) F, F, T, T (D) T, T, F, T

(112) નીચે પૈકી સાચાં (T) અને ખોટાં (F) વિધાન પસંદ કરોઃ

(1) ક્રિપ્ટોસાઇઝોન્ટમાં વિશિષ્ટ પ્રકારનું અલિંગીપ્રજનન જોવા મળે છે, જેને સાઇઝોગોની કહે છે.

(2) એન્ડો-ઇરીથ્રોસાઇટીકચક્ર મનુષ્યમાં રુધિરરસમાં જોવા મળે છે.

(3) મેરોઝુઓઇટમાં ખોટા પગ ઉદ્ભવે આ અવસ્થા એમીબોઇડ તરીકે ઓળખાય છે.

(4) નર ગેમેટોસાઇટનું કદ નાનું અને કોષકેન્દ્ર મોટું તેમજ માદા ગેમેટોસાઇટનું કદ મોટું અને કોષકેન્દ્ર નાનું હોય છે.

(A) T, T, F, T (B) T, T, F, F (C) F, F, T, T (D) T, F, T, F

(113) નીચે પૈકી હાથીપગા રોગ માટે સાચાં (T) અને ખોટાં (F) વિધાન પસંદ કરોઃ

(1) હાથીપગા રોગ માટે ક્યુલેક્સ ફેટિઝન મચ્છર દ્વારા ફેલાય છે.

(2) હાથીપગા રોગ ફિલારીઅલ કૃમિ દ્વારા થાય છે.

(3) હાથીપગા રોગમાં ત્વચા અને અધિચ્છદીય પેશી જાડા થાય છે.

(4) ફિલારીઅલ પુખ્ત કૃમિ 5 થી 10 વર્ષ જીવે છે.

(A) T, T, F, F (B) T, T, T, F (C) T, F, T, F (D) F, F, T, T

(114) નીચે પૈકી સાચાં (T) અને ખોટાં (F) વિધાન પસંદ કરોઃ

(1) ડેન્ગ્યુ અને ચીકનગુનીઆ જેવા રોગ ક્યુલેક્સ ફેટિઝન મચ્છર દ્વારા થાય છે.

(2) જન્મતાની સાથે પ્રાણીને વારસામાં મળતી રોગપ્રતિકારકતાને ઉપાર્જિત પ્રતિકારકતા કહે છે.

(3) આપણા શરીર પરની ત્વચા મુખ્ય કોષીય અંતરાય છે.

(4) ઈન્ટરફેરોન્સ બિનચેપીગ્રસ્ત કોષોને વાઈરસના ચેપની સામે રક્ષણ આપે છે.

(A) T, T, F, F (B) T, F, T, F (C) F, F, T, T (D) F, T, F, T

(115) નીચે પૈકી સાચાં (T) અને ખોટાં (F) વિધાન પસંદ કરોઃ

(1) કોલોસ્ટ્રમમાં પુષ્કળ એન્ટીબોડી $I_gE$ હોય છે.

(2) રસીકરણનો સિદ્ધાંત પ્રતિકારકતા તંત્રના સ્મૃતિના ગુણધર્મ પર આધારિત છે.

(3) પર્યાવરણમાં રહેલ કેટલાક ચોક્કસ એન્ટિબોડી પ્રત્યે પ્રતિકારકતંત્રમાં વધુપડતાં પ્રતિચારને એલર્જી કહે છે.

(4) ભારતના મોટા ભાગનાં શહેરોમાં બાળકો એલર્જી અને ન્યુમોનિયાથી પીડાય છે.

(A) F, T, F, F (B) F, F, T, T (C) F, F, F, T (D) T, T, F, F

(116) નીચે પૈકી સાચાં (T) અને ખોટાં (F) વિધાન પસંદ કરોઃ

(1) ઈન્સ્યુલિન આધારિત ડાયાબિટીસ રોગ એ સ્વપ્રતિરક્ષાનું ઉદાહરણ છે.

(2) બરોળ એ મોટા વાલના દાણા જેવું અંગ છે.

(3) મેક્રોફેઝએ HIV ના કારખાના તરીકે વર્તે છે.

(4) MALT જે મનુષ્યના શરીરની લસિકાપેશીનું 50 % જેટલું પ્રમાણ છે.

(A) T, T, F, F (B) F, F, T, T (C) T, F, T, T (D) T, T, T, F

(117) નીચે પૈકી સાચાં (T) અને ખોટાં (F) વિધાન પસંદ કરોઃ

(1) કૅન્સરગ્રસ્ત કોષોની શરીરમાં પ્રસરવાની ક્રિયાને રોગવ્યાપ્તિ કહે છે.

(2) કૅન્સર પેદા કરતા વાઈરસને ઓન્કોજેનિક વાઈરસ મળે છે.

(3) લ્યુકેમિયા કૅન્સર લોહીમાં રક્તકણમાં જોવા મળે છે.

(4) કૅન્સરનાં નિદાન માટે પદ્ધતિમાં તીવ્ર ચુંબકીયક્ષેત્ર અને બિનઆયોનિક કિરણો વપરાય છે.

(A) T, T, F, T (B) T, T, F, F (C) F, F, T, T (D) T, F, T, F

જવાબો : **(109-C), (110-B), (111-D), (112-A), (113-B), (114-C), (115-A), (116-C), (117-A)**

- **A - વિધાન, R - કારણવાળા પ્રશ્નો**

નીચે આપેલ પ્રશ્નોના જવાબ આપેલ વિકલ્પમાંથી પસંદ કરવાઃ

(A) A અને R બંને સાચા છે. R અને A ની સમજૂતી આપે છે.

(B) A અને R બંને સાચા છે. પરંતુ R એ A ની સમજૂતી નથી.

(C) A - સાચું, R - ખોટું છે.

(D) A - ખોટું, R - સાચું છે.

(118) વિધાન A : ટાઈફોઈડ સામાન્ય બૅક્ટેરિયાજન્ય રોગ છે.

કારણ R : ટાઈફોઈડરોગ સાલ્મોનેલા ટાઈફી બૅક્ટેરિયા દ્વારા થાય છે.

(A) (B) (C) (D)

(119) વિધાન A : ન્યુમોનિયા એ શ્વસનમાર્ગની ગંભીર બીમારી છે.

કારણ R : વાયુકોષ્ઠ અને શ્વાસવાહિકાઓમાં પ્રવાહી એકઠું થતાં ફેફસાંને જીવવા માટે પૂરતો $O_2$ મળતો નથી.

(A) (B) (C) (D)

(120) વિધાન A : શરદી રીટ્રોવાઇરસ દ્વારા થાય છે.
કારણ R : શરદીના વાઇરસ નાક અને શ્વસનમાર્ગને ચેપ લગાડે છે.
(A) (B) (C) (D)

(121) વિધાન A : ટ્રોફોઝુઓઇટ અવસ્થા એમીબોઇડ અવસ્થા તરીકે ઓળખાય છે.
કારણ R : ટ્રોફોઝુઓઇટમાં ખોટા પગ ઉદ્‌ભવે છે.
(A) (B) (C) (D)

(122) વિધાન A : સાઇઝોન્ટ અલિંગી પ્રજનન દ્વારા મેરોઝુઓઇટમાં ફેરવાય છે.
કારણ R : મેરોઝુઓઇટ ત્યાર બાદ ગેમેટોસાઇટમાં ફેરવાય છે.
(A) (B) (C) (D)

(123) વિધાન A : હાથીપગો ફીલારીઅલ કૃમિ દ્વારા થાય છે.
કારણ R : ફીલારીઅલ કૃમિ અંડપ્રસવી છે.
(A) (B) (C) (D)

(124) વિધાન A : દરાજ મનુષ્યમાં સામાન્ય ચેપી રોગ જે ફૂગ દ્વારા થાય છે.
કારણ R : દરાજના ચેપી વ્યક્તિના વાપરેલા ટુવાલ, કપડાં અથવા કાંસકાથી આ રોગ થાય છે.
(A) (B) (C) (D)

(125) વિધાન A : રુધિરમાં રહેલા નૈસર્ગિક મારકકોષો અને પેશીમાં રહેલા મેક્રોફેઝ ભક્ષકકોષો તરીકે વર્તે છે.
કારણ R : તે સૂક્ષ્મ જીવોનો નાશ કરે છે.
(A) (B) (C) (D)

(126) વિધાન A : આપણા શરીર પરની ત્વચા મુખ્ય ભૌતિક અંતરાય છે.
કારણ R : જે સૂક્ષ્મ જીવાણુઓનો પ્રવેશ આપણા શરીરમાં અટકાવે છે.
(A) (B) (C) (D)

(127) વિધાન A : લેક્ટેશનના દિવસોમાં માતાના દૂધમાંથી પીળાશપડતા કોલોસ્ટ્રમનો સ્રાવ થાય છે, જે નવજાત શિશુને રક્ષણ આપે છે.
કારણ R : કોલોસ્ટ્રમમાં પુષ્કળ એન્ટિબોડી $I_gE$ હોય છે.
(A) (B) (C) (D)

(128) વિધાન A : એન્ટિજન જ્યારે યજમાનના સંપર્કમાં આવે ત્યારે યજમાનના શરીરમાં એન્ટિબોડી સર્જાય છે.
કારણ R : સક્રિય પ્રતિકારકતા ધીમી છે. તેમજ પોતાનો સંપૂર્ણ પ્રતિચાર આપવામાં સમય લે છે.
(A) (B) (C) (D)

(129) વિધાન A : ઉપાર્જિત પ્રતિકારકતા સ્મૃતિની લાક્ષણિકતા ધરાવે છે.
કારણ R : દ્વિતીય પ્રતિકારક ખૂબ જ તીવ્ર હોય છે.
(A) (B) (C) (D)

(130) વિધાન A : બીજા દ્વારા ઉપયોગમાં લેવાયેલ અને લોહીના સીધા સંપર્કમાં આવેલ ટૂથબ્રશ અને બ્લેડ ફરી ઉપયોગમાં લેવા નહિ.
કારણ R : તેમના દ્વારા HIV નો ચેપ કોઈને લાગી શકે છે.
(A) (B) (C) (D)

(131) વિધાન A : મોરફીન ખૂબ જાણીતું પીડાનાશક ઔષધ છે.
કારણ R : જે મુખ્યત્વે નાના મગજના ચેતાકોષો પર કાર્ય કરી પીડાને અવરોધી શરીરને પીડાથી મુક્ત કરે છે.
(A) (B) (C) (D)

(132) વિધાન A : મેરિજ્યુએના કેનાબિસ સેટાઇવામાંથી મળે છે.
કારણ R : ભાંગ અને સરસ એરિથ્રોઝાયલમ કોકામાંથી મળે છે.
(A) (B) (C) (D)

(133) વિધાન A : એમ્ફિટેમાઇન્સ એ ઉત્સાહવર્ધક ગોળી તરીકે જાગરણ કરતી વ્યક્તિ વાપરે છે.
કારણ R : બાર્બિચ્યુરેટ ઊંઘવાની ગોળી તરીકે ઓળખાય છે.
(A) (B) (C) (D)

(134) વિધાન A : નિકોટીન એડ્રિનલ ગ્રંથિને ઉત્તેજે છે.
કારણ R : જે રુધિરના દબાણ અને હૃદયના સ્પંદનમાં વધારો કરે છે.
(A) (B) (C) (D)

(135) વિધાન A : તરુણાવસ્થા એ બાળપણ અને પુખ્તાવસ્થાને જોડનાર સેતુ છે.
કારણ R : તેમાં ઘણી જૈવિક અને વર્તણૂકીય ફેરફાર જોવા મળે છે.
(A) (B) (C) (D)

(136) વિધાન A : દારૂ અને કેફી પદાર્થના દીર્ઘકાલીન સેવનથી સિરોસિસ જેવા યકૃતના ગંભીર રોગ થતા ચેતાતંત્રને નુકસાન થાય છે.
કારણ R : સગર્ભાવસ્થા દરમિયાન કેફી પદાર્થ અને દૂરના સેવનથી ગર્ભને પણ અસર થાય છે.
(A) (B) (C) (D)

**જવાબો : (118-A), (119-A), (120-D), (121-A), (122-B), (123-C), (124-B), (125-A), (126-A), (127-A), (128-B), (129-A), (130-A), (131-A), (132-C), (133-B), (134-B), (135-B), (136-B)**

(137) યોગ્ય જોડ પસંદ કરોઃ

| **કૉલમ - A** | **કૉલમ - B** | **કૉલમ - C** |
|---|---|---|
| (1) ટાઇફોઇડ | (P) રીહનોવાઇરસ | (i) દર્દીના ગળફાથી થાય છે. |
| (2) ન્યુમોનિયા | (Q) સાલ્મોનેલાટાઇફી | (ii) ચેપગ્રસ્તની છીંક, ખાંસી દ્વારા |
| (3) શરદી | (R) ફીલારીઅલ કૃમિ | (iii) ક્યુલેક્સ ફેટિઝન મચ્છર દ્વારા |
| (4) હાથીપગો | (S) સ્ટ્રેપ્ટોકોકસ ન્યુમોની | (iv) દર્દીઓના મળથી પ્રદૂષિત |

(A) (1 - Q - iv), (2 - S - i), (3 - P - ii), (4 - R - iii)
(B) (1 - Q - iv), (2 - S - i), (3 - R - iii), (4 - P - ii)
(C) (1 - Q - iv), (2 - R - iii), (3 - S - i), (4 - P - ii)
(D) (1 - S - i), (2 - Q - iv), (3 - R - iii), (4 - P - ii)

(138) યોગ્ય જોડ પસંદ કરોઃ

| **કૉલમ - I** | **કૉલમ - II** |
|---|---|
| (1) ભૌતિક અંતરાય | (P) શ્વેતકણો |
| (2) દેહધાર્મિક અંતરાય | (Q) ત્વચા |
| (3) કોષીય અંતરાય | (R) ઇન્ટરફેરોન્સ |
| (4) કોષરસીય અંતરાય | (S) આંખમાંથી નીકળતા આંસુ |

(A) (1 - P), (2 - S), (3 - R), (4 - Q) (B) (1 - Q), (2 - S), (3 - P), (4 - R)
(C) (1 - Q), (2 - P), (3 - R), (4 - S) (D) (1 - P), (2 - R), (3 - Q), (4 - S)

(139) યોગ્ય જોડ પસંદ કરોઃ

| કૉલમ - I | કૉલમ - II |
|---|---|
| (1) મોટા દાણા જેવું અંગ | (P) અસ્થિમજ્જા |
| (2) મુખ્ય લસિકાઅંગ | (Q) બરોળ |
| (3) MALT | (R) થાયમસ |
| (4) હૃદયની નજીક ગોઠવાયેલ પિંડ જેવું અંગ | (S) લસિકાપેશીનું 50 % પ્રમાણ |

(A) (1 - Q), (2 - R), (3 - P), (4 - S)
(B) (1 - P), (2 - Q), (3 - R), (4 - S)
(C) (1 - Q), (2 - S), (3 - P), (4 - R)
(D) (1 - Q), (2 - P), (3 - S), (4 - R)

(140) યોગ્ય જોડ પસંદ કરોઃ

| કૉલમ - I | કૉલમ - II |
|---|---|
| (1) મેટાક્રિપ્ટોમેરોઝુઓઈટ | (P) અલિંગી પ્રજનન કરે |
| (2) ટ્રોફોઝુઓઈટ | (Q) ફલિતાંડ ત્રાકાકાર બને |
| (3) સાઈઝોન્ટ | (R) ખોટા પગ ઉદ્ભવે |
| (4) ઉકાઈનેટ | (S) ગોળાકાર બને |

(A) (1 - Q), (2 - P), (3 - R), (4 - S)
(B) (1 - R), (2 - S), (3 - Q), (4 - P)
(C) (1 - S), (2 - R), (3 - P), (4 - Q)
(D) (1 - Q), (2 - P), (3 - R), (4 - R)

(141) યોગ્ય જોડ પસંદ કરોઃ

| કૉલમ - I | કૉલમ - II |
|---|---|
| (1) ત્વચા, નખ અને શીર્ષ શરીરના ભાગો પર ચકામા આવે. | (P) એઈડ્સ |
| (2) કોષવિભાજન નિરંકુશ બને. | (Q) એલર્જી |
| (3) શરદી, ખાંસી, ન્યુમોનિયા જેવા રોગો થાય. | (R) દરાજ - ધાધર |
| (4) આંખમાંથી પાણી વહે તથા નાક અને શ્વાસ લેવામાં તકલીફ | (S) કૅન્સર |

(A) (1 - P), (2 - S), (3 - R), (4 - Q)
(B) (1 - Q), (2 - R), (3 - P), (4 - S)
(C) (1 - R), (2 - S), (3 - Q), (4 - P)
(D) (1 - R), (2 - S), (3 - P), (4 - Q)


(142) યોગ્ય જોડ પસંદ કરોઃ

| કૉલમ - A | કૉલમ - B | કૉલમ - C |
|---|---|---|
| (1) ઓપિયમ પોપી | (P) LSD | (i) ફળ |
| (2) કેનાબિસ ઈન્ડિકા | (Q) મેરિજ્યુએના | (ii) અપરિપક્વ ફળના ક્ષીર |
| (3) કેનાબિસ સેટાઈવા | (R) ગાંજો | (iii) સૂકાં પર્ણો અને ફૂલમાંથી મળે છે. |
| (4) કલેવીસેપ્સ ર્પુપુરિઆ | (S) મોરફીન | (iv) ટોચનાં સૂકાં ફૂલોમાંથી મળે છે. |

(A) (1 - S - ii), (2 - R - iii), (3 - Q - iv), (4 - P - i)
(B) (1 - S - ii), (2 - R - iii), (3 - P - i), (4 - Q - iv)
(C) (1 - P - i), (2 - Q - ii), (3 - S - iv), (4 - R - iii)
(D) (1 - Q - ii), (2 - P - i), (3 - R - iii), (4 - S - iv)

જવાબો : **(137-A), (138-B), (139-D), (140-C), (141-D), (142-A)**

(143) આકૃતિ પરથી યોગ્ય જોડકાં જોડો:




| | કૉલમ - I | | કૉલમ - II |
|---|---|---|---|
| (a) | સ્પોરોઝુઓઈટ | (i) | g |
| (b) | ટ્રોકોઝુઓઈટ | (ii) | h |
| (c) | ગેમેફોસાઈટ | (iii) | P |
| (d) | મેરોઝુઓઈટ | (iv) | c |
| (e) | ઉકાઈનેટ | (v) | f |


(A) (a - v), (b - iii), (c - ii), (d - iv), (e - i)
(B) (a - ii), (b - i), (c - iv), (d - v), (e - iii)
(C) (a - iii), (b - i), (c - v), (d - ii), (e - iv)
(D) (a - i), (b - iii), (c - ii), (d - iv), (e - v)

(144) આકૃતિમાં b, d અને e શું સૂચવે છે ?
(A) b ગેમિટ, d ફલિતાંડ, e ઉસીસ્ટ (B) b ઉસીસ્ટ, d ફલિતાંડ, e ગેમિટોફાઈટન
(C) b ગેમિટ, d ઉસીસ્ટ, e ફલિતાંડ (D) b ઉસીસ્ટ, d ફલિતાંડ, e ગેમિટ

(145) અહીં દર્શાવેલ આકૃતિ શેની છે ?
(A) રીટ્રો વાઈરસ (B) ઈ. કોલી વાઈરસ (C) જીવાણુ કોષ (D) સુકોષકેન્દ્રીકોષ


(146) આપેલ આકૃતિમાંની રચના કયા રોગ માટે જવાબદાર છે ?
(A) એઈડ્સ (B) કૅન્સર (C) મૅલેરિયા (D) કમળો

(147) આકૃતિમાં a અને b ભાગ શું દર્શાવે છે ?
(A) a - લિપિડ આવરણ, b - RNA કોર પ્રોટીન
(B) a - લિપિડ આવરણ, b - ગ્રાહી બાઈન્ડિંગ પ્રોટીન
(C) a - કેપ્સિડ, b - RNA કોર પ્રોટીન
(D) a - કેપ્સિડ, b - ગ્રાહી બાઈન્ડિંગ પ્રોટીન




(148) આકૃતિમાં c, d અને e શું સૂચવે છે ?
(A) c વાઈરલ, d આર.એન.એ. પ્રોટીન, e લિપિડ આવરણ
(B) c લિપિડતંતુ, d ગ્રાહી બાઈન્ડિંગ પ્રોટીન, e કેપ્સિડ
(C) c કશા, d ગ્રાહી બાઈન્ડિંગ પ્રોટીન, e લિપિડ આવરણ
(D) c વાઈરલ, d આર.એન.એ. કોર પ્રોટીન, e કેપ્સિડ

(149) આપેલ આકૃતિ શેની છે ?
(A) એન્ટિબોડીના અણુની રચના
(B) એન્ટિજનની રચના
(C) DNA ના અણુની રચના
(D) RNA ના અણુની રચના




(150) આકૃતિમાં a, b અને c શું સૂચવે છે ?
(A) a = એન્ટિબોડી જોડાણ, b = ભારે શૃંખલા, c = હળવી શૃંખલા
(B) a = એન્ટિબોડી જોડાણ, b = હળવી શૃંખલા, c = ભારે શૃંખલા
(C) a = એન્ટિજન જોડાણ, b = હળવી શૃંખલા, c = ભારે શૃંખલા
(D) a = એન્ટિજન જોડાણ, b = ભારે શૃંખલા, c = હળવી શૃંખલા

**જવાબો : (143-C), (144-D), (145-A), (146-(A), (147-B), (148-D), (149-A), (150-C)**

- **NEET માટેના પ્રશ્નો**

(151) નીચે પૈકી સૌથી વધુ ચેપી રોગ કયો છે ?

(A) શરદી અને ખાંસી (B) મૅલેરિયા (C) એઇડ્સ (D) ટાઇફોઇડ

(152) કયા પ્રકારના અંતરાયમાં મુખગુહામાં લાળ અને આંખના અશ્રુનો સમાવેશ થાય છે ?

(A) ભૌતિક અંતરાય (B) કોષીય અંતરાય (C) દેહધાર્મિક અંતરાય (D) કોષરસીય અંતરાય

(153) સામાન્ય ઈન્ફ્લુએન્ઝા શેના દ્વારા થાય છે ?

(A) ફૂગ (B) બૅક્ટેરિયા (C) વાઇરસ (D) પ્રોટિસ્ટા

(154) તે શરદીની દવા બનાવવામાં વપરાય છે ?

(A) કોડીન (B) કોકેન (C) મોરફિન (D) હેરોઇન

(155) ટાઇફોઇડ તાવ શેનાથી સર્જાય છે ?

(A) જીઆર્ડિઆ (B) સાલ્મોનેલા (C) શિજેલીઆ (D) ઇશ્ચરેશિયા

(156) ઇન્ટરફેરોન શું છે ?

(A) એન્ટિવાઇરસ પ્રોટીન (B) એન્ટિબૅક્ટેરિયલ પ્રોટીન

(C) એન્ટિકૅન્સર પ્રોટીન (D) જટિલ પ્રોટીન

(157) AIDS પેદા કરતાં HIV સૌપ્રથમ શેનો નાશ કરે છે ?

(A) લ્યુકોસાઇટ્સ (B) થ્રોમ્બોસાઇટ્સ

(C) મદદકર્તા T લસિકાકોષો (D) B લસિકાકોષો

(158) નીચેનામાંથી કઈ પરિસ્થિતિમાં એઇડ્સનો ચેપ લાગતો નથી ?

(A) એઇડ્સની રોગિષ્ટ માતા દ્વારા બાળકને સ્તનપાન કરાવવાથી

(B) એઇડ્સની રોગિષ્ટ માતાના ગર્ભસ્થ શિશુને

(C) એઇડ્સના દર્દીએ ઉપયોગમાં લીધેલાં વસ્ત્રોના વપરાશથી

(D) એઇડ્સના દર્દીએ ઉપયોગમાં લીધેલાં સીરિંજના વપરાશથી

(159) એઇડ્સના ફેલાવા માટે કોણ જવાબદાર છે ?

(A) ફૂગ (B) વિષાણુ (C) જીવાણુ (D) પ્રજીવ

(160) અફીણ, ભાંગ અને તમાકુ કઈ વનસ્પતિમાંથી મળે છે ?

(A) પાપાવર, કેનાબિસ, નિકોટીઆના (B) કેનાબિસ, પાપાવર, નિકોટીઆના

(C) નિકોટીઆના, કેનાબિસ, પાપાવર (D) પાપાવર, નિકોટીઆના, કેનાબિસ

(161) ડાયએસીટાઇલ મોરફીનનું સામાન્ય નામ કયું છે ?

(A) મોરફીન (B) કેનાબિસ (C) હેરોઇન (D) કોકેન

(162) પ્લાઝમોડિયમનો ચેપગ્રસ્ત તબક્કો

(A) સ્પોરોઝુઓઇટ (B) ટ્રોફોઝુઓઇટ

(C) મેરોઝુઓઇટ (D) આપેલ તમામ

(163) વધુ માત્રામાં આલ્કોહોલનું સેવન કરવાથી કયા અંગમાં સિરોસિસ થાય છે ?

(A) મૂત્રપિંડ (B) યકૃત (C) હૃદય (D) ફેફસાં

(164) એલર્જીક પ્રક્રિયા ઉત્પન્ન કરતો અંતઃસ્રાવ કયો છે ?

(A) એડ્રિનાલીન (B) નોર-એડ્રિનાલીન (C) ગ્લુકોકોર્ટીકોઇડ (D) એન્ટિહિસ્ટેમાઇન

(165) કાર્સિનોમા નીચે આપેલ પૈકી કોની સાથે સંકળાયેલ છે ?

(A) ત્વચા અથવા શ્લેષ્મસ્તરની અસ્થાયી ગાંઠ (B) મળાશયની અસ્થાયી ગાંઠ

(C) સંયોજકપેશીની અસ્થાયી ગાંઠ (D) સંયોજકપેશીની સ્થાયી ગાંઠ

(166) રોગ વ્યાપ્તિ કોને કહેવાય છે ?

(A) કૅન્સરગ્રસ્ત કોષોમાં ઝડપી કોષવિભાજન (B) કૅન્સરગ્રસ્ત કોષોનું પુનઃનિર્માણ

(C) કૅન્સરગ્રસ્ત કોષોનું પ્રસરણ (D) આપેલ તમામ

(167) $\alpha$ - વિકિરણ અને $\gamma$ - વિકિરણ દ્વારા થતી કૅન્સરની સારવારને શું કહે છે ?

(A) વિકિરણ સારવાર (B) શસ્ત્રક્રિયા

(C) રસાયણ સારવાર (D) પ્રતિકારકતા સારવાર

(168) T લસિકાકોષો કયા અંગમાં પુખ્તતા પ્રાપ્ત કરે છે ?

(A) સ્વાદુપિંડ (B) બરોળ (C) અસ્થિમજ્જા (D) થાયમસગ્રંથિ

(169) એન્ટિબોડી શેમાંથી સર્જાય છે ?

(A) રક્તકણ (B) થ્રોમ્બોસાઇટ્સ (C) લિમ્ફોસાઇટ્સ (D) મોનોસાઇટ્સ

(170) સ્વપ્રતિરક્ષા સંબંધિત રોગ તરીકે સમાવેશ થાય છે ?

(A) કૅન્સર (B) હિપેટાઇટિસ (C) અસ્થમા (D) સંધિવા

(171) નીચે પૈકી કયું દ્રવ્ય મધ્યસ્થ ચેતાતંત્ર શામક છે ?

(A) કેફીન (B) અફીણ (C) કોકેન (D) એમ્ફિટેમાઇન

(172) એન્ટિબોડી કોનો સમૂહ છે ?

(A) લિપો પ્રોટીન (B) સ્ટિરોઇડ (C) ગ્લાયકો પ્રોટીન (D) ન્યુક્લિઓ પ્રોટીન

(173) દરેક ઇમ્યુનોગ્લોબ્યુલિનમાં બે ભારે શૃંખલા અને બે હળવી શૃંખલા આવેલી છે. તેમાં એન્ટિજન જોડાણ સ્થાન કયાં છે ?

(A) ભારે અને હલકી બંને શૃંખલાના પરિવર્તનશીલ પ્રદેશ

(B) ભારે અને હલકી બંને શૃંખલાના સાતત્યવાળા પ્રદેશ

(C) ભારે શૃંખલાના પરિવર્તનશીલ પ્રદેશ

(D) હલકી શૃંખલાના પરિવર્તનશીલ પ્રદેશ

(174) કયા રોગના નિદાન માટે વેસ્ટર્ન બ્લૉટ કસોટી ઉપયોગી છે ?

(A) કૅન્સર (B) એઇડ્સ (C) મૅલેરિયા (D) ન્યુમોનિયા

(175) રોગો સામે લડવા માટે રોગપ્રતિકારકતા કોણ પૂરી પાડે છે ?

(A) ઇમ્યુનોગ્લોબ્યુલીન (B) એન્ટિજન (C) હિસ્ટેમાઇન (D) HLA પ્રોટીન

(176) કયા કોષો પરજાત અણુને ગળી જાય છે ?

(A) રુધિરકોષો (B) મેક્રોફેઝ (C) માસ્ટકોષ (D) લસિકાકણો

**જવાબો : (151-A), (152-A), (153-C), (154-A), (155-B), (156-A), (157-C), (158-C), (159-B), (160-A), (161-C), (162-A), (163-B), (164-A), (165-A), (166-C), (167-A), (168-D), (169-C), (170-D), (171-B), (172-C), (173-A), (174-B), (175-A), (176-B)**

**માનવ તંદુરસ્તી અને રોગો**

- તંદુરસ્તીને વ્યાખ્યાયિત એ રીતે કરી શકાય કે વ્યક્તિ ભૌતિક, માનસિક અને સામાજિક રીતે વ્યસ્થ હોવો અને ચેપ અથવા રોગની ગેરહાજરી તે તંદુરસ્તી દર્શાવતી નથી.
- જ્યારે એક અથવા ઘણાં અંગો અથવા તંત્રો રોગગ્રસ્ત રીતે કાર્ય કરતા હોય ત્યારે આપણે કહીએ છીએ કે, આપણે તંદુરસ્ત નથી એટલે કે આપણે રોગ ધરાવીએ છીએ.

↓

**ઉપાર્જિત રોગો**

- આ રોગો જન્મ બાદ ઉપાર્જિત થાય છે.
- તે બે પ્રકારના હોય છે :

**ચેપી રોગો**

- આ ચેપી વ્યક્તિમાંથી તંદુરસ્ત વ્યક્તિમાં પ્રસરે છે.

**બિનચેપી રોગ**

- આ વ્યક્તિઓમાં વિકસે છે. તેઓ અન્ય દ્વારા પ્રસરતા નથી.

**જન્મજાત રોગો**

આ રોગો જન્મની સાથે બાળકને પિતૃઓ તરફથી જ મળે છે.

**કૅન્સર**

- કેન્સર રોગ કોષોનું વિભાજન અનિયંત્રિત અને અનિયમિત રીતે વધે છે. તેઓ વિભેદન પામતા નથી. તેનાથી બે પ્રકારની ગાંઠ ઉદ્ભવે
  (1) સૌમ્યગાંઠ (2) અસાધ્ય ગાંઠ
- કેન્સર ન તો આનુવંશિક ન તો ચેપગ્રસ્ત રોગ છે. રાસાયણિક વાહકો અને ભૌતિક વાહકો દ્વારા રોગ ફેલાય તેવા પદાર્થોને કૅન્સર કહે છે. દા.ત.,, x-કિરણો કેસ્ટીન, સ્ટેરોઇડ, આર્સેનિક, હવા, મળ, ડાયઈથાઈલ સ્ટિલ બોએસ્ટ્રોસ (DES), વિનાઈલ ક્લોરાઇડ (VC), કેડિયમ ઓક્સાઈડ કાર્સીનોજન છે.
- યજમાન કોષોમાં આવેલ જનીનોને ચોક્કસ જનીન કહેવાય છે. તે કેટલીક પરિસ્થિતિમાં સક્રિયતા પ્રાપ્ત કરે છે અને કોષોમાં કૅન્સરગ્રસ્ત સ્થિતિ પ્રેરે છે.
- ગાંઠ નિગ્રાહક જનીનો સામાન્યતઃ સમભાજન પામી કૅન્સરને થતું અટકાવી શકાય છે.

| બૅક્ટેરિયલ રોગો | વાઈરલ રોગો | પ્રજીવજન્ય રોગો | કૃમિજન્ય રોગો |
|---|---|---|---|
| →**ટાઈફોઈડ** સાલ્મોનેલાટાઈફીથી થાય.<br>→**ન્યુમોનિયા** સ્ટ્રેપ્ટોકોક્સ ન્યુમોની અથવા ડિપ્લોકોક્સન્યુમોનીથી થાય.<br>→**ડીસેન્ટરી (બેસીલરી)** બૅક્ટેરિયાની પ્રજાતિ શીગેલા દ્વારા થાય.<br>→**ડિસ્થોરિયા** કોરીની બૅક્ટેરિયમ દ્વારા થાય.<br>→**કૉલેરા** વિબ્રિઓ કૉલેરાથી થાય.<br>→**ટિટેનસ** ક્લોસ્ટ્રિડિયમ ટિટાનીથી થાય.<br>→**ટ્યુબરક્યુલોસીસ** માયકોબેક્ટેરિયમ ટ્યુબરક્યુલોસીસથી થાય છે. | - **સામાન્ય શરદી** રાઈનો વાઈરસથી થાય.<br>- **શીળસ** પેરામાર્થોનાક્સો વાઈરસથી થાય.<br>- **અછબડા** રુબેઓલા વાઈરસથી થાય.<br>- **ડેન્ગુ તાવ** અરબો વાઈરસથી થાય.<br>- **ચિકનગુનિયા** આલ્ફાવાઈરસથી થાય.<br>- **શીતળા** વેરીસેલા ઝોસ્ટર વાઈરસથી થાય.<br>- **પોલિયો** પોલિયો વાઈરસ (એન્ટેરોવાઈરસ)થી થાય.<br>- **વાઈરસ હીપેટાઈટિસ** HAV વાઈરસથી થાય છે. | - **આફ્રિકન નિંદ્રારોગ** (ટ્રાયપેનોસોમીએસીસ) ટ્રાયપેનોસોમા ગેમ્બીએન્સ દ્વારા થાય.<br>- **કાળી ખાંસી** લીસ્માનીઆ ડોનોવાનીથી થાય.<br>- **એમીબાઓસીસ** એન્ટઅમીબા હિસ્ટોલીટિકાથી થાય.<br>- **મૅલેરિયા** પ્લાઝમોડિયમથી થાય. ચાર પ્રકારની પ્લાઝમોડિયમની જાતિ છે.<br>- ચાર પ્રકારનો તાવ આવે તે આ પ્રમાણે<br>↓<br>- **પ્લાઝમોડિયમ**<br>- **વિવેક્ષ (પી.વિવેક્ષ)** ઊથલો મારતો મૅલેરિયા<br>- **પી. મેલેરી (ત્રિકીય મૅલેરિયા)** મગજનો તાવ<br>- **પી. ફાલ્સીફેરમ** મગજનો તાવ<br>- **પી.એવ્યુલ** ખોરાક દ્વારા ઊથલો મારતો તાવ | - **એસકેરિએસિયા** એસ્કેરીસ લુમ્બ્રીકોઈડ્સથી થાય.<br>- **ફાઈલે રિયાસિસ** (હાથીપગો) વુકેરેરિયા બાન્કોફી અને વુકેરેરિયા મેલેપી થી થાય. |

**રોગપ્રતિકારકતા**

તે શરીરની રોગકારકો અથવા અન્યેથી પ્રવેશતાં દ્રવ્યોને અવરોધી અને રોગ- ગ્રસ્ત રોગોની સામે હોય છે.

**રોગ પ્રતિકારકતાના પ્રકારો**

**જન્મજાત પ્રતિકારકતા**

- તે જન્મ સમયથી હાજર હોય છે.

**બાહ્યસંરક્ષણ પ્રથમ સંરક્ષણ રેખા**

શરીરમાં રોગકારકોનો પ્રવેશ ભૌતિક અને રાસાયણિક વાહકોથી થાય છે.

**આંતરિક સંરક્ષણ (દ્વિતીય સંરક્ષણ રેખા)**

જ્યારે પ્રથમ સંરક્ષણ પંક્તિ (રેખા) નકામી બને જે રોગકારક દ્વારા પેશીઓને પ્રતિકારક માટે નકામી બનાવાય છે. શરીરની આંતરિક સંરક્ષણની ઘટના શ્વેતકણો દ્વારા (તટસ્થ દ્રવ્યો અને એક કેન્દ્રીય કણો) મેક્રોફેઝ જે નૈસર્ગિક મારક (NR) કોષો સોજો આવવાની ક્રિયા, તાવ આવવો, આંતર ક્રિયાઓ અને પૂરકતંત્ર સાથે સંકળાયેલ છે.

**ઉપાર્જિત/પ્રાપ્ત કરેલ/વિશિષ્ટ પ્રકારની સંરક્ષણ ક્રિયાવિધિ (તૃતીય સંરક્ષણ રેખા)**

- નિયત પ્રકારના રોગકારકની સામે પ્રતિકારક તંત્ર દ્વારા મળે તેને વિશિષ્ટ સંરક્ષણ કહે છે અને તે તૃતીય સંરક્ષણની રેખા કહે છે.

**સક્રિય પ્રતિકારકતા**

- તે રોગકા-રક અથવા એન્ટિજન સાથે સંપર્કમાં આવવાને લીધે એન્ટિબોડીને અનુસરીને નિર્માણ થાય છે.

**નિષ્ક્રિય પ્રતિકારકતા**

વિદેશી વાહકોની સામે શરીર સીધું સંરક્ષણ આપે ત્યારે તે તૈયાર એન્ટિબોડીનું નિર્માણ કરે છે. કોલોસ્ટ્રમ (વધુ માત્રામાં IgA ધરાવે) અને ભ્રૂણ માતા તરફથી એન્ટિબોડી આપે છે. જે ભ્રૂણ સ્વીકારે છે, જે નિષ્ક્રિય પ્રતિકારકતાનું ઉદાહરણ છે.

**એન્ટિજન ધરાવતા કાષો**

- આ વિશિષ્ટ કોષો કે જેમાં મેક્રોફેગસ સમાયેલા છે (એકકેન્દ્રિય કોષો કે જે મેક્રોફેગસ તરીકે રુધિરમાં હોય અને હીસ્ટોસાઇટ્સ તરીકે પેશીમાં મેકોફેઝ હોય છે.) B - લસિકા કોષો અને મૃત કોષો (ઘણી ત્વચીય અધિસ્તરના લેન્ગર અન્ય કોષો)

**લસિકાકોષો**

**T - લસિકાકોષો અથવા T-કોષ**

- કોષો કોષીય રોગ પ્રતિકારકતાના પ્રતિકાર સાથે સંકળાયેલ છે.

**B - લસિકાકોષો અથવા B-કોષો**

- કોષો એન્ટિબોડી આધારિત અથવા અંતઃસ્રાવી રોગપ્રતિકારતાનો પ્રતિચાર ધરાવે છે.
- તેઓ પ્લાઝમા કોષોનું ઉત્પાદન કરે છે. (Ab નું નિર્માણ કરે છે) અને સ્મૃતિની B નિયત T-કોષો દ્વારા થાય છે.

## રોગપ્રતિકારકતા

### એન્ટિજન્સ/એન્ટિબોડી

- દ્રવ્યો છે કે જેઓ જ્યારે શરીરમાં પ્રવેશ પામે છે ત્યારે તેઓ એન્ટિબોડીના નિર્માણને ઉત્તેજન આપે છે.
- નિયત સક્રિયતા પ્રેરવા માટે યજમાનમાં એન્ટિજન દાખલ કરીને ઉત્તેજન આપી તે રોગપ્રતિકારકનો પ્રતિચાર તરીકે ઓળખાય છે. તે બે પ્રકારના છે : (1) પ્રાથમિક (2) દ્વિતીય રોગ પ્રતિકારકતાનો પ્રતિચાર.
- એન્ટિબોડી (Abs) ગ્લાયકોપ્રોટીન્સ છે. જેને ઈન્યુનો ગ્લોલ્યુલીસ કહે છે જે ચાર પેપ્ટાઇડ શૃંખલાઓ ધરાવે છે. બે ટૂંકી શૃંખલાને કે લાઇટ ચેઇન્સ અને બે લોબી ભારે શૃંખલાઓ કહેવાય છે.
- એન્ટિબોડીના ભિન્ન પ્રકારો છે. જેમકે IgA (સૌથી ભારે અને દ્વિતીય સૌથી વધારે માત્રામાં) IgM (સૌથી લાંબામાં લાંબી અને પ્રથમ અસરગ્રસ્ત સ્થાને પહોંચે છે.) IgG (સૌથી વધારે માત્ર AB જરાયુમાંથી પસાર થાય છે) IgD અને IgG આપણા શરીરમાંથી નિર્માણ પામે છે.

### રોગપ્રતિકારક તંત્ર

- તે લિમ્ફોઇડ અંગો પેશીઓ કોષો અને દ્રાવ્ય અણુઓ ધરાવે જેવા કે એન્ટિબોડી.
- લિમ્ફોઇડ અંગો બે પ્રકાર છે : (1) પ્રાથમિક લિમ્ફોઇડ અંગો (2) દ્વિતીય લિમ્ફોઇડ અંગો
- થાયમસ અને અસ્થિમજ્જા પ્રાથમિક લિમ્ફોઇડ અંગો છે. લસિકા ગાંઠો બરોળ, કાકડા પેયરના કોષનો સમૂહ આંત્રપુચ્છ અને MALT (લિમ્ફોઇડ પેશી સાથે સંકળાયેલ શ્લેષ્મ દ્વિતીય લિમ્ફોઇડ અંગો)

### રસીકરણ અને રોગ પ્રતિકારકતા

- નિયત રોગની સામે રોગપ્રતિકારકતાનો વિકાસ કરવાની ક્રિયાને રસીકરણ કહે છે જે એન્ટિજન દ્રવ્ય હાનિકારકની સામે પ્રતિકારકતા દર્શાવાય છે. જેમકે વિષકારક રોગકારકની સામે તંદુરસ્ત વ્યક્તિમાં રસિકરવાના સ્વરૂપે રોગપ્રતિકારકતા વધે છે.
- રસી ત્રણ પ્રકારની હોય છે : (1) પ્રથમ પેઢીની રસીઓ (2) દ્વિતીય પેઢીની રસીઓ અને (3) તૃતીય પેઢીની રસીઓ

### રોગપ્રતિકારકતાની અનિયમિતતા

યજમાન સંરક્ષણ ન કરી શકે તેને પરિણામે રોગપ્રતિકારકતાની અનિયમિતતા સર્જાય છે કે જેને ત્રણ કક્ષાઓમાં વહેંચી શકાય છે.

- રોગપ્રતિકારીય ઊણપ
- સ્વરોગ પ્રતિકારકતા
- અતિસંવેદન શીલતા